સલાબતપુરા પો.સ્ટે.ના ચોરીના ગુનાની મોટર સાયકલ સાથે આરોપીને ઝડપી પાડતી, લીંબાયત પોલીસ.

સુરત શહેરના લીમ્બાયત પો.સ્ટે. વિસ્તારમાં પો.સ.ઇ. એમ.જી.રાઠોડ નાઓ તથા પોલીસ માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે વખતે સાથેના અ.હે.કો.યુવરાજસિંહ સામંતસિંહ, અ.હે.કો.રાજુભાઇ હાલુભાઇ તથા અ.પો.કો.ચંકીત સુભાષચંદ્રનાઓને બાતમી હકિકત મળેલ કે "એક ઈસમ જેને કાળા કલરનુ જેકેટ તથા કાળા કલરની ટ્રેક પેન્ટ તથા માથા ઉપર પીળી ટોપી પહેરેલ છે તથા ચહેરા ઉપર મોટી સફેદ દાઢી છે જે વ્યક્તિ હાલ હીરો કંપનીની મેસ્ટ્રો મોપેડ કે જેનો રજી.નં. GJ-05-MH-0353 છે જેને હાથેથી ધક્કો મારીને કુબા મસ્જીદ તરફ લઇને જાઇ છે" જે બાતમી હકીકત વાળી જગ્યા કુબા મસ્જીદ પાસેથી આરોપી યુસુફ મોહમદ પાંડે ઉ.વ. ૫૯ રહે. ઇમામભાઇના મકાનમાં સહેલાની ચોક મીઠીખાડી લીંબાયત, સુરત. મુળ રહે. ગામ- પીંપલકોટા તા.એરંડોલ જી.જલગાંવ (મહારાષ્ટ્ર)નાઓ પાસેથી હીરો કંપનીની મેસ્ટ્રો મોપેડ રજી.નં.GJ-05-MH-0353 નો જેનો એ.નં. JF32AAFGF16095નો છે. જેનો ચેસીસ નં.MBLJF32AEFGF06513 ની જેની કી.રૂ.૩૦,000/-ની મળી આવેલ જેની ખાત્રી કરતા સલાબતપુરા પો.સ્ટે. એ- ગુ.ર.નં.૦૦૫૫/૨૦૨૦ ઇ.પી.કો. કલમ-૩૭૯ મુજબનો ગુનો રજીસ્ટર થયેલ હોય, જેથી ઉપરોક્ત ચોરીમાં ગયેલ મો.સા. સાથે આરોપીને પકડી પાડી ઉપરોક્ત ગુન્હો વણશોધાયેલ હોય, જે શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.